# 16

## બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં નવજાત બાળકોના મૃત્યુ

* **15/4/2298 ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવજાત બાળકોનાં મૃત્યુ નિપજ્યાં, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નવજાત બાળકોના થયેલ મોતની વિગત નીચે મુજબ છે. |

| તાલુકા નું નામ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ નવજાત બાળકોના મોતની વિગતો | | સરવાળો |
|---|---|---|---|
| | તા.૦૧/૦૧/૨૨ થી તા.૩૧/૧૨/૨૨ | તા.૦૧/૦૧/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ | |
| બનાસકાંઠા જિલ્લો | | | |
| અમીરગઢ | ૩૩ | ૩૭ | ૭૦ |
| કાંકરેજ | ૫૬ | ૫૫ | ૧૧૧ |
| ડીસા | ૫૬ | ૩૯ | ૯૫ |
| થરાદ | ૬૧ | ૫૪ | ૧૧૫ |
| દાંતા | ૬૪ | ૬૬ | ૧૩૦ |
| દાંતીવાડા | ૧૬ | ૨૦ | ૩૬ |
| દિયોદર | ૩૦ | ૩૭ | ૬૭ |
| ધાનેરા | ૩૦ | ૩૦ | ૬૦ |
| પાલનપુર | ૭૦ | ૬૩ | ૧૩૩ |
| ભાભર | ૧૩ | ૧૮ | ૩૧ |
| લાખણી | ૪૬ | ૨૮ | ૭૪ |
| વડગામ | ૩૮ | ૨૭ | ૬૫ |
| વાવ | ૨૯ | ૨૧ | ૫૦ |
| સુઇગામ | ૧૩ | ૧૦ | ૨૩ |
| કુલ : | ૫૫૫ | ૫૦૫ | ૧૦૬૦ |

| અમદાવાદ જિલ્લો | | | |
|---|---|---|---|
| દસક્રોઇ | ૫૬ | ૫૯ | ૧૧૫ |
| દેત્રોજ | ૮ | ૧૩ | ૨૧ |
| ધંધુકા | ૧૨ | ૧૯ | ૩૧ |
| ધોલેરા | ૭ | ૮ | ૧૫ |
| ધોળકા | ૨૫ | ૩૬ | ૬૧ |
| બાવળા | ૨૮ | ૧૫ | ૪૩ |
| માંડલ | ૮ | ૭ | ૧૫ |
| વિરમગામ | ૧૭ | ૨૦ | ૩૭ |
| સાણંદ | ૧૯ | ૩૨ | ૫૧ |
| કુલ : | ૧૮૦ | ૨૦૯ | ૩૮૯ |
| એકંદરે સરવાળો | ૭૩૫ | ૭૧૪ | ૧૪૪૯ |

(૨) ઉકત બાળકોના મૃત્યુનાં મુખ્ય કારણો શાં છે, અને

(૨) ઉકત બાળકોનાં મૃત્યુનાં સંભવિત મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. બર્થ એકસપેસીયા,

૨. જન્મ જાત ખામી,

3. જન્મ સમયે ઓછુ વજન,

૪. સેપ્સીસ,

૫. ન્યુમોનિયા,

૬. ડાયેરીયા,

૭. હાઇફીવર વિગેરે છે.

| | | | |
|---|---|---|---|
| (૩) | નવજાત બાળકોના મૃત્યુ અટકાવવા સરકારે શા પગલાં લીધા ? | (૩) | નવજાત શિશુઓનાં મૃત્યુ અટકાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાંઓ લેવામાં આવેલ છે.<br><br>૧. રાજયમાં સગર્ભા માતાની પૂર્વ પ્રસૂતિ તપાસ, યોગ્ય નિદાન, બર્થ માઈક્રો પ્લાન, સમય પર રીફર અને આરોગ્યલક્ષી કાઉન્સેલીંગ દ્વારા જરૂરી આરોગ્ય સેવાઓ મમતા દિવસે આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી- ૨૪ અંતિત ૧૧,૬૪,૯૦૬(૭૯%) સગર્ભા માતાઓની નોંધણી (વાર્ષિક અપેક્ષિત ૧૪,૭૬,૦૦૦ સગર્ભા નોંધણી સામે) કરાયેલ છે. અને કુલ ૧૦,૫૭,૦૪૪ (૯૦%) સગર્ભા તપાસણી કરી જરૂરી સેવાઓ આપવામાં આવેલ છે. જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૭૨,૪૫૨ અને અમદાવાદ જિલ્લામાં ૩૪,૬૬૮ મળી કુલ ૧,૦૭,૧૨૦ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવેલ છે.<br><br>૨. રાજયમાં વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત ૯૯.૯% સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે. બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦ % અને અમદાવાદ જિલ્લામાં ૯૯.૯% સંસ્થાકીય પ્રસુતિ થયેલ છે.<br><br>૩. શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ નવજાત શિશુની તપાસ કરવામાં આવે છે અને તેમાં જો કોઈ જોખમી લક્ષણો / ચિહ્નો જેવા કે હૃદય, કીડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોને ઉપરી સ્વાસ્થ્ય સંસ્થા ખાતે વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવે છે અને તદ્દન મફત સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત કુલ ૯,૩૩,૬૨૮ નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાના ૬૬,૮૧૭ નવજાત શિશુઓ અને અમદાવાદ જિલ્લામાં ૨૯,૭૮૯ નવજાત શિશુઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.<br><br>૪. રાજયમાં તેમજ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં જન્મ સમયથી જ રસીકરણ સેવાઓ પુરી પાડવામાં આવે છે. નવજાત શિશુઓને ઝેરી કમળા વિરોધી રસી, બીસીજી રસી અને પોલિયોની રસીથી રક્ષિત કરવામાં આવે છે.<br><br>૫. "જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ" હેઠળ સગર્ભા માતા, પ્રસૂતા માતા અને એક વર્ષ સુધીનાં બાળકોને દવાઓ અને જરૂરી નિદાન અને સારવાર વિનામુલ્ય આપવામાં આવે છે. પ્રસૂતિ બાદ માતા અને બાળક સલામત ઘરે પહોંચે તે હેતુ થી ખિલખિલાટ વાહન વ્યવસ્થા દ્વારા ઘરે ડ્રોપ બેક સેવા તદન મફત આપવામાં આવે છે. રાજ્યમાં હાલ ૪૧૪ ખિલખિલાટ વાહન કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૮ અને અમદાવાદ જિલ્લામાં ૨૭ ખિલખિલાટ વાહન કાર્યરત છે. વર્ષ ૨૩-૨૪ની જાન્યુઆરી-૨૪ અંતિત ૫,૮૩,૭૮૯ સગર્ભા માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોને વિના મૂલ્યે દવાઓ અને નિદાન સેવાઓ પુરી પાડવામાં આવી છે. જેમા બનાસકાંઠા જિલ્લાના ૨૫,૬૧૪ લાભાર્થીઓ અને અમદાવાદ જિલ્લામાં ૬૬,૮૧૧ લાભાર્થીઓને વિના મૂલ્યે દવાઓ અને નિદાન સેવાઓ |

પુરી પાડવામાં આવેલ છે.

૬. આશા દ્વારા Home Based NewBorn Care સેવા અંતર્ગત ડિસેમ્બર–૨૦૨૩ અંતિત ૭,૪૫,૭૦૪ (૯૬.૨૯%) નવજાત શિશુઓની ઘર આંગણે આરોગ્યલક્ષી તપાસ અને યોગ્ય સમયે જરૂર જણાયે વધુ સારવાર માટેની રેફરલ સેવાઓ માટે આવરી લેવામાં આવેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૩૦૭૦૮ અને અમદાવાદ જિલ્લામાં ૨૭૮૩૦ નવજાત શિશુઓને Home Based New Born Care સેવાથી આવરી લીધેલ છે.

ઉપરાંત Integrated Management of Neonatal Childhood Illness (IMNCI) અંતર્ગત બિમાર નવજાત શિશુઓને શોધી જરૂરી સારવાર અને રેફરલ સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

૭. ન્યુમોનીયા અને ડાયેરીયા જેવા રોગ માટે નવજાત શિશુ અને બાળકોને પ્રોગ્રામની ગાઇડલાઇન મુજબ જરૂરી સેવાઓ પુરી પાડવામાં આવેલ છે.

૮. નવજાત શિશુના મુત્યુ અટકાવવા માટે ગાઇડલાઈન મુજબ આરોગ્યના કર્મચારી અને અધિકારીશ્રીઓને નવજાત શિશુ સુરક્ષા કાર્યક્રમ (NSSK) ની તાલીમ આપવામાં આવેલ છે.

૯. અતિ ગંભીર બિમાર નવજાત શિશુઓની સઘન સારવાર સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) અંતર્ગત જેમાં Ventilator સહિત અત્યાધુનિક સાધન સામગ્રી સહિત બાળનિષ્ણાંતો દ્વારા સારવાર આપવામાં આવે છે. જે માટે રાજયમાં હાલ કુલ ૫૬ સ્પેશીયલ ન્યુબોર્ન કેર યુનિટ (SNCU) મેડિકલ કોલેજ હોસ્પિટલ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ કક્ષાએ કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૨ અને અમદાવાદ જિલ્લામાં ૪ SNCU કાર્યરત છે.

તાલુકા કક્ષાએ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કુલ ૧૪૩ ન્યુબોર્ન સ્ટેબીલાઈઝેશન યુનિટ (NBSU) કાર્યરત છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૬ NBSU અને અમદાવાદ જિલ્લામાં ૬ NBSU કાર્યરત છે. હાલ રાજયમાં કુલ ૧૯૦૩ ન્યુબોર્ન કેર કોર્નર (NBCC) ડીલીવરી પોઇન્ટ ખાતે કાર્યરત છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૨૭ NBCC અને અમદાવાદ જિલ્લામાં ૪૩ NBCC કાર્યરત છે.

-----------------